Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# ઉત્તર અપભ્રંશ યુગની સાહિત્યકૃતિઓમાં જૈનદર્શન

ડૉ. ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા
આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા

**પ્રાસ્તાવિક:**

ગુજરાત પર રાજપૂતોના શાસનકાળ (746-1298) દરમિયાન બ્રાહ્મણ અને અબ્રાહ્મણ કવિઓ દ્વારા ઘણી બધી સાહિત્યિક રચનાઓ સંસ્કૃતમાં થઈ. અપભ્રંશના આગમન અને વિકાસ સાથે, એટલે કે 10મી સદી દરમિયાન, રાજકવિઓએ લોકોની ભાષા-અપભ્રંશમાં ‘રાસ’ કે ‘રાસા’ રચવાની શરૂઆત કરી. આ ભાષા મારવાડી, વ્રજ અને અન્ય બોલીઓના મિશ્રણથી બની હતી. આ રાસાઓ રાજકવિઓએ પોતાના અન્નદાતાની પ્રસંશા અર્થે લખ્યા હતાં. એ જ રીતે, જૈન સાધુઓએ પણ અનુયાયીઓને ધાર્મિક માર્ગદર્શન આપતા અને ધર્મપ્રેમી શ્રેષ્ઠીઓની પ્રશંસા કરતા ‘રાસા’ અને ‘ફાગુ’ઓની રચના કરી હતી. “જૈન ધર્મ ચારિતાનુંરાગી હોઈ એમાં ચરિત્રને ઉપસાવતું સાહિત્ય સવિશેષ છે. હિન્દીના કોઈ સંપ્રદાયમાં ચરિત્રવિષયક આટલું વિપુલ સાહિત્ય સર્જાયેલ નથી.” [૧] હેમચંદ્રાચાર્ય અને નરસિંહ વચ્ચેના સમયગાળામાં આશરે 300 જેટલાં રાસાઓ રચાયા હોવાનું જૈન વિદ્વાનોએ નોંધ્યું છે. આ રાસાઓ ભાષાના વિકાસ અંગે મહત્વની માહિતી પૂરી પાડે છે. રચનાઓની દૃષ્ટિએ આ સમય જૈન સાધુઓના પ્રભુત્વનો રહ્યો છે. “જૈન ધારાના કૃષ્ણનો સંબંધ હિવંશપુરણ કે મહાભારત સાથે નથી, પરંતુ પ્રાચીનકાળથી જ સ્વતંત્ર રીતે ઉછળેલી જૈન પરંપરા સાથે છે.” [૨]

**ઉત્તર અપભ્રંશ યુગ:**

કોઈ પણ ભાષાના જ્ઞાન માટે એના મૂળ સુધી જવું આવશ્યક છે. સંસ્કૃતથી માંડીને પ્રાકૃત અને અપભ્રંશ વગેરે ભાષાઓ વિષે વિદ્વાનોએ ઘણું બધું સમજાવ્યું છે. અપભ્રંશ એ એટલે મૂળ સ્વરૂપનું ખંડન થવું. ખાસ કરીને આ શબ્દ સંસ્કૃત ભાષામાં પ્રયોજાય છે, તે મુજબ ભ્રષ્ટ થયેલ શબ્દને અપભ્રંશ કહેવાય છે. મૂળ પ્રાકૃત ભાષામાંથી વિકૃત થયેલી ભાષાને અપભ્રંશ ભાષા કહેવાય છે. પ્રાચીન સંસ્કૃત ભાષા સંસ્કાર પામેલી ગણાય છે, અને તે સમયમાં જે સંસ્કાર વગરની ભાષા તે પ્રાકૃત ભાષા ગણાતી. આ પ્રાકૃત ભાષા કાળક્રમે વિશેષ વિકાર પામી ત્યારે તેમાંથી અપભ્રંશ ઉત્પત્તિ થઈ. આ ભાષાને સંસ્કૃત ભાષાના વ્યાકરણ શાસ્ત્રીઓ દ્વારા વ્યાકરણ વગરની ભાષા હોવાથી ભ્રષ્ટ ગણાવામાં આવી હતી શબ્દનું વિકૃત થવું સ્ત્રી૦ સંસ્કૃતમાંથી અપભ્રષ્ટ થયેલી એક ભાષા [ સં. અપ (નીચે) + ભ્રંશ્ (પડવું) પું. અશુદ્ધ રૂપાંતર. પું. પતન; પડતી. પું. ભ્રષ્ટ થયેલો શબ્દ. **સ્ત્રી**. પ્રાકૃતમાંથી વિકાર પામીને બનેલી ભાષા. સંસ્કાર પામેલી તે સંસ્કૃત, અને તે ભ્રષ્ટ થઈ લોકોમાં પ્રચાર પામેલી ભાષા તે પ્રાકૃત. પ્રાકૃત જ્યારે વિશેષ વિકાર

પામી ત્યારે તેમાંથી અપભ્રંશ ઉત્પન્ન થઈ. સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ અને ગુજરાતીભાષા ૧૦ મી થી ૧૪ મી સદી અપભ્રંશ નરસિંહ પૂર્વેનો સમય એટલે પ્રાગનરસિંહ યુગ / હેમયુગ / રાસયુગ / જૈનયુગ તરીકે ઓળખાય છે. "આપણને જે વિપુલ અપભ્રંશ સાહિત્ય કૃતિઓ મળી છે તે અપભ્રંશ ભાષા પ્રાકૃતોની જેમ જ એક કૃત્રિમ સાહિત્ય ભાષા હતી." [૩]

**સાહિત્યકૃતિઓમાં જૈનદર્શન:**

**રાસ-રાસા:** અપભ્રંશમાં રચાયેલી કેટલીક બોધાત્મક રચનાઓ 'રાસ' કે 'રાસક'ના નામે જાણીતી છે. હેમચંદ્રાચાર્યના સમયમાં રાસ એ સંગીતરૂપક હતું. વાગ્ભટ્ટ એને તાલ અને લય સાથેની હળવું સંગીતરૂપક કહે છે. આ રાસાઓ મહદ્‌અંશે જૈનમંદિરોમાં ખાસ પ્રસંગે ગવાતાં અને સ્ત્રીઓ એમાં વર્તુળાકાર રાસ લેતી. સમય જતાં રાસામાં વાર્તાનું તત્વ વધ્યું એટલે એમાં સ્ત્રીઓને રાસ લઈને ગાવામાં અગવડતા થઈ. રાસાઓ દુહા, ચોપાઈ અને દેશી જેવાં છંદોમાં રચાયાં છે. "ગીત પ્રકારના ટૂકા રાસમાં ધીમે ધીમે કથાનું તત્વ વધવા લાગ્યું એટલે પછીની રચનાઓ વર્ણાત્મક કથાત્મક અને પાઠ્ય બનતી ગઈ એની અભિનયક્ષમતા ઘટતી ગઈ." [૪] એનાં મુખ્યત્વે ત્રણ ભાગ હોય છે: ભાષા, ઠાવણી અને કડવાક. શરૂઆતમાં રાસાઓ મુખ્યત્વે ઉપદેશાત્મક જ હતાં પરંતુ, સમય જતાં એમાં વર્ણન, કથન, નૈતિક સૂચનો અને ધાર્મિક સિદ્ધાંતોનો એટલો વધારો થઈ ગયો કે 16,17 અને 18મી સદીના રાસાઓ ભાર અને કૃત્રિમતાથી ભરપૂર છે. "ઉત્તર સાહિત્ય જૈન કૃતિઓમાં જૈન કથાસહિત્યની ધારામાં ઐતિહાસિક કે પૌરાણિક એમ બન્ને પ્રકારની રાસમાં પ્રાસ અનુપ્રાસ અન્ય અલંકારો અને છંદ વિનિયોગ તથા કથાનકને રસપ્રદ રીતે વિભાજીત કરીને ક્રમશઃ રજૂઆત તો હોય જ." [૫]

**ભરતેશ્વરબાહુબલી ઘોર:**

આ કાવ્યનું મથાળું સૂચવે છે તે પ્રમાણે આ કાવ્ય યુદ્ધ= (ઘોર=ભયંકર)નું વર્ણન આપતું જૈન ધર્મના ઐતિહાસિક પ્રસંગનું કાવ્ય છે. ચક્રનો સ્વીકાર કરાવવા માટે ભારત-બાહુબલી યુદ્ધ થાય છે. અંતે જૈન આદ્યપુરુષ ઋષભદેવ આવી બધું થાળે પાડે છે, તેમજ આ બધી માયા દેવી બ્રાહ્મી અને સુંદરી બન્ને બહેનો છે, એમ જણાવે છે. તેમજ સાચું તો ધર્મનું શરણું છે, વગેરે ઉપદેશ આપે છે. છેલ્લે સદભાવનાની આશાએ કવિ રાસ પૂર્ણ કરે છે. આ કાવ્યના કર્તા વજ્રસેનસૂરિ છે. "કથાતત્વહીન માત્ર કથાતત્વ સાચવતું ઘોર સ્વરૂપ ઉપરથી બે થવણી વાળી રચના છે. તેથીજ માત્ર રાસ સાહિત્યમાં આવી શકે એમ છે." [૬]

**ભરતેશ્વરબાહુબલિરાસ**

શાલિભદ્રસૂરિ દ્વારા 1185માં રચાયેલ 'ભરતેશ્વરબાહુબલિરાસ'એ સૌથી પ્રાચીન ઉપલબ્ધ રાસ છે. એમાં પ્રથમ જૈન તીર્થંકર ઋષભદેવના બે પુત્રો ભરત અને બાહુબલિ વચ્ચેના સંઘર્ષનું નિરૂપણ છે. ઋષભદેવને 100 પુત્રો હતાં. સત્તા માટેનો સંઘર્ષ ટાળવા માટે તેમણે સૌથી મોટા પુત્ર ભરતને ગાદી સોંપવાનો અને બીજા બધાંને જૈન ધર્મનાં અનુશાસનમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયનો પોતાની શારીરિક અને બૌદ્ધિક તાકાત પર મુસ્તાક બાહુબલિએ અસ્વીકાર કર્યો. બાહુબલિ-ભરત વચ્ચેનાં સંઘર્ષમાં બાહુબલિનો વિજય થયો. પરંતુ, સૌનાં આશ્ચર્ય વચ્ચે

બાહુબલિએ દીક્ષા ગ્રહણ કરી જૈન ધર્મની સેવાનો માર્ગ સ્વીકાર્યો. પરંતુ, અહમ ને કારણે બાહુબલિ માટે પોતાનાથી મોટા 98 ભાઈઓ સમક્ષ નતમસ્તક ન થઈ શક્યાં. ઉગ્ર તપસ્યા અને ઉચ્ચ જ્ઞાન હોવા છતાંયે બાહુબલિને કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું. એવામાં એમની બન્ને બહેનો, કે જેઓ પણ જૈન સાધ્વીઓ હતી, એમણે બાહુબલિને તનાવગ્રસ્ત જોયા. બહેનો એ ફક્ત એટલું જ કહ્યું, ' વીરા મોરા ગજથી હેઠા ઉતરો'. બસ, આ ટકોર કુશાગ્ર બાહુબલિના હૃદયને સ્પર્શી ગઈ. બાહુબલિ અહંકારના હાથી પરથી હેઠા ઉતર્યા, પોતાના વડીલબંધુઓને આદરમાન આપ્યા અને એમને 'કેવળજ્ઞાન' પ્રાપ્ત થયું.

**જંબૂસામિરાસ: (જંબૂસ્વામીચરિઉ કૃત)**

રાસ સાહિત્યના પ્રાપ્ય કવિઓમાં સમયની દૃષ્ટિએ ચોથા કવિ ધમ્મ છે. પ્રસ્તુત કાવ્યાંતે ૪૧મી કડીમાં કવિએ પોતાના વિષે ઉલ્લેખ કરેલો છે કે એમનાં ગુરૂ મહેન્દ્રસૂરિ છે. આ કાવ્યનો હેતુ એમાં જ આપી કવિએ પરંપરાને પણ જાળવી છે. કવિ જૈન હોવાથી તીર્થંકરોને નમસ્કાર કર્યા બાદ જંબૂસ્વામીનું ચરિત્ર વખાણે છે. એક પૂજ્ય વ્યક્તિની સ્તુતિ આ કાવ્યમાં છે. જંબૂસ્વામી સ્વરૂપવાન, ગુણવાન હતા. સુખી પિતાના પુત્ર હતા. તેમના લગ્ન માટે કન્યાપક્ષ તરફથી પડાપડી થતી હતી. આખરે એઓ એક લગને આઠ કન્યા પરણ્યા. તેઓ માતૃભક્ત, આજ્ઞાંકિત અને ધર્મપ્રેમી પુત્ર હતા. રિદ્ધિ રમણી હોવા છતાં તેઓ વૈરાગી બન્યા. પૂર્વાશ્રમની વિગત ખાસ મળતી નથી, સિવાય કે તેઓ આઠ વર્ષની નાની વયમાં ગુરુ પાસે ગયા અને આજન્મ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. આમ, આ કૃતિ એકંદરે જોતા પ્રસંગકાવ્ય સ્તુતિકાવ્ય વધુ છે.

**આબુરાસ:**

આ રાસ સંવત ૧૨૮૬માં રચાયેલો છે. ઐતિહાસિક હકીકતો નોધતો આ રાસના કરતા વિષે પણ કંઈ કહેવાયું નથી. ગુર્જર દેશની સમૃદ્ધિ અને ત્યાં છત્રીસ રાજકુળનો વાસ છે. ચંદ્રાવતી નગરીમાં સોમ નામનો રાજા રાજ્ય કરે છે. ત્યાં આબુ પર્વત આવેલો છે., એની ઉપર અંબાજી અને ઋષભદેવનું અસ્તિત્વ અને એનો મહિમા વર્ણવ્યો છે. આબુમાં નેમીભુવન બાંધવા માટે તેજપાલે પરવાનગી માગવા મોકલ્યો અને એ રીતે ઉદ્દલ ચંદ્રાવતી આવ્યો. મહાજન ભેગું કર્યું અને મંદિર માટે ભૂમિ પસંદ કરવ આબુ ગયા. દાનમાં આપે તો મંદિર બાંધવું પરાણે લેવી નહી એવું નક્કી કર્યું. દાનમાં જમીન મળી પછી મંદિર બાંધવા માટે શોભન નામના માણસને તેજપાલે નીમ્યો. શોભને મંદિર બાંધ્યું તેજપાળે ખંભાતમાં જિનેશ્વરની મૂર્તિ ઘડાવી અને ઝવેરાતથી મઢી. વિજયસેનસૂરિને ગુરુ તરીકે સ્થાપ્યા. સામાજિક તેમજ રાજકીય ક્ષેત્રે જૈનધર્મનો સંપૂર્ણ પ્રભાવ પડતો હતો.

**રેવંતગિરિરાસુ:**

આ કાવ્યના રચયિતા કવિ વિજયસેનસૂરિ છે. એ વાત કવિએ છેલ્લી કડીમાં ઉલ્લેખ કર્યો છે. રેવંતગિરિરાસુ માં અત્યારે ઓળખાતા સૌરાષ્ટમાં આવેલા ગરવા ગિરનારનું જૈનધર્મની દ્રષ્ટિએ જે મહત્વ છે તેને કવિએ સુંદર રીતે વર્ણવ્યું છે. રેવંતગિરિરાસુ રાસ સાહિત્યની કૃતિઓમાં નમૂનેદાર કૃતિ છે. આખો રાસ વાંચતા એક કુશળ કવિની કાવ્યકૃતિનો પરિચય થાય છે. રાસ

ધાર્મિક તત્વને પણ આવરી લે છે. છતાં માત્ર ધર્મને જ કવિએ નજર સમક્ષ નથી રાખ્યો. કવિ પોતે જૈન સાધુ હોવા છતાં, કવિ તત્વને જરાય વિસારે નથી પાડ્યું. સમાજમાં જૈનધર્મના વિકાસનો સુવર્ણયુગ એ સમયને કહી શકાય. ગુરુના ઉપદેશને માં આપી વસ્તુપાળ અને તેજપાલે કરેલી ધાર્મિક પ્રવૃત્તિ ઉપરાંત યાત્રા,ઉત્સવ જેવા પ્રસંગો એ સમયમાં વિસ્તૃત રીતે થતા હશે, એવું આ કાવ્ય બતાવે છે. **કછૂલી રાસ:**

કછૂલી ગામ આબુમાં અચલેશ્વર પાસે તળેટીમાં આવેલું છે. રાસમાં જણાવ્યા મુજબ એ સમયે એ નગર ધર્મપરાયણવાળું હતું. ત્યાં શ્રીપ્રભુસૂરિ, માણિક્યસૂરિ, શ્રીસૂરિ, ઉદયસિંહસૂરિ, કમલસૂરિ અને પ્રજ્ઞાતિલકસૂરિ એમ થઈ ગયેલી પરંપરા આપી છે. રાસની મુખ્ય વસ્તુ ઉદયસિંહસૂરિની ધાર્મિક પ્રવૃત્તિ છે. એમણે ત્યાંના ધંધલરાઉલ સાથે સંઘ કાઢ્યો, એ સમયે એમનાં તેજોબલના પ્રતાપે થયેલો ચમત્કાર અને એમનો અન્ય વિહારસ્થળોમાં થયેલો સત્કાર આપવામાં આવેલા છે. અંતમાં પ્રજ્ઞાતિલક માટે પ્રાથના, ક્ષમાપન અને રાસનો સમય આપી, કવિ રાસ સમાપ્ત કરે છે.  આ રાસ પણ ઐતિહાસિક જૈનધર્મની હકીકતો પૂરતો અને બંધ વિવિધ દાખવતો હોવાથી એટલા પૂરતું મહત્વ ધરાવે છે. કોઈ એક જૈન પરંપરા આપતો, એક માત્ર દસ્તાવેજ હોય એવું લાગે છે.

**સમરારાસુ:**

આ રાસમાં પાટણનો સમરસિંહ યાત્રા માટે સંઘ કાઢે છે. એણે શેત્રુંજયના પહાડ ઉપર આદિનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, સોરઠમાં તીર્થયાત્રા કરી ઘેર પાછો આવ્યો. આટલી વાત મૂળમાં છે. સંઘપતિ દેસલ સિધ્ધસૂરિ પાસે જીર્ણોદ્ધાર માટે ફાળો ભેગો કરી આપવા વિનતી કરે છે. એમનાં આદેશથી મદન પંડિત આબુના મહિપાલ દેવના મંત્રી પાતઉની મદદથી ખેરાલું અને ભાંડું સુધી ફરીને ફાળો એકઠો કરે છે. અને પછી પાલીતાણા જવા તૈયારીઓ થાય છે. સંઘ પાલીતાણા શત્રુંજય પહોચ્યો અને ચૈત્ર વદ સાતમે સવંત ૧૩૭૧માં મંદિરનો જીર્ણોદ્ધાર કરી સંઘ પાટણ આવી ગયો. પાસડસૂરિ ગણધરના શિષ્ય અંબદેવસૂરિએ આ રાસ રચ્યો, એટલી હકીકત અને ફલશ્રુતિ આપીને રાસ પૂરો કરે છે.

**જિનપદ્મસૂરિપટ્ટાભિષેકરાસ:**

આ રાસ સારમૂર્તિનો રચેલો છે. પહેલા ભાગમાં જંબૂસ્વામી, પ્રભવસૂરિ, યશભદ્ર, અજ્જસંભૂયસૂરિ, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર એમ અનુક્રમે જિનેશ્વરસૂરિથી જિનકૂશલસૂરિની પરંપરા આપેલી છે. જિનકૂશલસૂરિએ પોતાના શિષ્ય તરુણપ્રભાચાર્યને જિનપદ્મ નામ ધારણ કરાવી પાટે બેસાડ્યા. એમાં સિંધુપ્રદેશના રામુનગરના રહીદ, પુનમચંદ્રના પુત્ર હરીપાલે સક્રિય સહકાર આપ્યો. જિનપદ્મસૂરીના પૂર્વાશ્રમના પિતા ખિમડફળના લક્ષ્મીધારના પુત્ર અંબઉ અને માતા કીકી હતા. એમનો પટ્ટાભિષેક સંવત ૧૩૮૯ના જેઠ માસની સુદ-૬ અને સોમવારને દિવસે ધામધૂમથી થયેલા અને પટ્ટાભિષેક મહોત્સવ વર્ણન અને ફલશ્રુતિ નામનો નિર્દેશ આપે છે.

**પંચપંડવચરિતરાસુ:**

આ રાસના કર્તા પૂર્ણિમાગચ્છના શાલીભદ્રસૂરિ છે. આ રાસ જૈન મહાભારત અને જૈન રામાયણ છે જ. શાંતનુંનું ગંગા અને મત્સ્યગંગાને પરણવું, ભીષ્મપ્રતિજ્ઞા, ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના જન્મ અને એનો ત્યાગ, કૌરવ અને પાંડવોના જન્મ, કર્ણનો જન્મ અને એનો ત્યાગ, કૌરવ અને પાંડવોનો વિદ્યાભ્યાસ, , દ્રૌપદીસ્વયંવર, દ્યુત પ્રસંગ, પાંડવોના ૧૨ વર્ષના વનવાસ દરમિયાન પરાક્રમો અને દુખના પ્રસંગો તથા ઉતર-અભિમન્યુ લગ્નનો પ્રસગ વગેરે ઐતિહાસિક મહાપુરુષોના પરાક્રમો અને મૃત્યુના પ્રસંગોનો ઉલ્લેખ તેમજ ઉરુભંગનો પ્રખ્યાત પ્રસંગ, કવિએ એક સૂત્રાત્મક રીતે ગૂથ્યો છે. પરંતુ છેલ્લે બધાને જૈન દીક્ષા તા બતાવ્યા છે. એના લીધે તેઓ મોક્ષ પામ્યા એવો ઉલ્લેખ મળે છે.

**ગૌતમસ્વામીરાસ:**

એક બ્રાહ્મણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને વર્ધમાન સ્વામીએ ગણધર બનાવ્યો એ વિશેનો આ રાસ કવિ વિનયપ્રભે રચેલો છે. જૈન ધર્મનો પ્રચાર પૂર જોશમાં હતો. જૈનધર્મમાં વિરકિત તરફ વળેલા ગૌતમ સ્વામી જેઓને પણ દરજ્જાનો મોહ રહેતો. જૈન તાપ્સો વચ્ચે ઈર્ષા અને દ્વેષ રહેતા. ગૌતમસ્વામીના આવડા બહોળા શિષ્યવૃદની એ તાપસોમાં ઈર્ષા થતી હોય એમ લાગે છે. આમ આ કાવ્યમાં ઇન્દ્રભૂતિ, ગૌતમસ્વામી અને અન્ય તાપસો દ્વારા સામાન્ય માણસમાં હોય એવું ઈર્ષાળુ માનસ ઉપસી આવ્યું છે. જૈન વ્રત ઉપવાસનો નિર્દેશ પણ મળે છે અને એમાં કોઈ વખતે દેવો વિમાન દ્વારા ભાગ લેવા આવતા હોવાથી માન્યતાનો નિર્દેશ મળે છે. એજ પ્રમાણે જૈનોનો ઉત્સવ પ્રસંગો પણ દેવો ઉજવાતા, એવી કવિની માન્યતા હશે.

**ફાગુ**: 'ફાલ્ગુન' પરથી 'ફલ્ગુ' અને એ પરથી 'ફાગુ' શબ્દ ઉતર્યો છે. નામ સૂચવે છે એમ, 'ફાગુ' એ વસંતની સુંદરતા નિરૂપતી રચનાઓ છે. વસંત સાથે જોડાયલ હોવાથી એમાં સ્વાભાવિક રીતે જ મદમસ્ત યૌવન, એનો પ્રેમ અને વિરહ, મિલન અને એનો ભાવોન્માદ વગેરેનું પ્રચૂર વર્ણન આવે છે. જૈન સાધુઓ દ્વારા રચાયેલ ફાગુઓમાં આવું વર્ણન આવતું હોવા છતાં એનો અંત આત્મસંયમ અને શાંત રસમાં આવે છે.

**સિરિથુલિભદ્દ ફાગુ:**

ઈ.સ. 1334 આસપાસ જિનપદ્મસુરિ દ્વારા રચાયેલ 'સિરિ થુલિભદ્દ ફાગુ' એ ગુજરાતીનો પ્રથમ ફાગુ છે. કસોટી કરવા માટે, સાધુ સ્થુલિભદ્રને એમના ગુરુ ગણિકા કોશાના ઘરે ચાતુર્માસ ગાળવાનો આદેશ આપે છે. આ જ કોશા સાથે પૂર્વાશ્રમમાં સ્થુલિભદ્ર 12 વર્ષો સુધી જોડાયેલા હતાં. કોશાનું યૌવન, જૂનો સંબંધ અને માદક મોસમ પણ સાધુ સ્થુલિભદ્રને ચળાવી શકતા નથી. એમની પવિત્રતા અને આત્મ-નિયંત્રણનો વિજય થાય છે અને કોશાનું મન પણ નિર્મળ બને છે. સ્વર્ગમાંથી દેવો સ્થુલિભદ્ર પર પુષ્પવર્ષા કરે છે. સામાન્ય રીતે, ફાગુમાં વસંત જેવી માદક ઋતુ અને ભોગવિલાસનું વર્ણન જોવા મળે છે, પરંતુ અહીં કવિએ સાધુને ચાર માસની સ્થિરતા બક્ષવા માટે કવિએ વર્ષાઋતુ પસંદ કરી છે. મળી આવેલા તમામ ફાગુઓમાં સર્વશ્રેષ્ઠ તો છે 'વસંતવિલાસ'. જો કે એના કર્તા વિશે કોઈ જ માહિતી સાંપડતી નથી. પરંતુ, એ તો નિર્વિવાદ છે કે, તે જૈન નહોતાં. રચનાના સમય વિશે પણ વિદ્વાનોમાં મતૈક્ય નથી. કોઈ એને 15મી સદીની

શરૂઆતમાં તો કોઈ એને 14મી સદીની મધ્યમાં મૂકે છે. આ ફાગુમાં ફક્ત 84 કડીઓ છે, પરંતુ સાહિત્યીક દૃષ્ટિએ કોઈ અન્ય ફાગુ એને મહાત કરી શકે એમ નથી. વસંત, વિરહ, પ્રિયતમ-પ્રિયતમાનું મિલન અને એમનાં ભોગનું વર્ણન-સમગ્ર રીતે આ રચના જીવનરસના સાર્વત્રિક આનંદની રચના છે.

**જિનચંદ્રસૂરિફાગુ:**

આ કાવ્ય ફાગુકાવ્યોમાં સૌથી પ્રથમ ફાગુ કાવ્ય છે. આ ફાગુ કાવ્યમાં જિનચંદ્રસૂરિનો પટ્ટાભિષેક પાટણમાં થયાનું પહેલી કડીમાં આપેલું છે, અને તિથિ વૈશાખ સુદ ૩ સુવિદિત એટલે એ પ્રસંગને અનુલક્ષીને, કવિએ વસંત પ્રવેશ કરાવ્યો છે. જૈન ધર્મને યોગ્ય શાંતિ અને અહિંસામાં માનતા આ કવિ યુદ્ધને કાવ્યમાં પણ નથી લાવતા, માત્ર દ્રષ્ટિબાણ વડે જ કામનો પ્રભાવ કરે છે.

**નેમિનાથફાગુ:**

આ પ્રચલિત જૈન ધર્મની વાત જે નેમિનાથ વિષે આપણને હવે ગોખાઈ ગઈ છે. તે જ વાત વસ્તુ તરીકે અહી લીધેલી છે. વસંતવર્ણન, વનવર્ણન અને રાજલનું વર્ણન ઉપરાંત લગ્ન પ્રસંગ વરઘોડો એટલી ફાગુ માટેની સામગ્રી કવિએ આપેલી છે. વેદનાને બદલે કવિએ ગોપીઓને નેમિનાથ કૌમાર્ય હઠાગ્રહનું મનદુઃખ અને વિયોગીઓના મેળાપને બદલે કુંવારા નેમિનાથ પરણવા તૈયાર થાય છે. ફાગુ માટેની મુખ્ય બે આવશ્યકતાઓ જુદી રીતે રજૂ કરી છે. નેમિનાથનું મન ફેરવવા અને ફાગુ રચવા કવિએ ફાગુનું વાતાવરણ પસંદ કર્યું છે.

**જંબૂસ્વામીફાગુ:**

આ ફાગુકાવ્ય જંબૂસ્વામીના ચરિત્રને સ્પર્શતું છે, ને તેના કર્તા અજ્ઞાત છે. જૈનોએ આપેલા આવા કાવ્યો ધાર્મિક અને વૈરાગ્યના પોષક હોવાથી મોટાભાગે ફાગુ માટે બંધ બેસી નથી શકતા. જંબૂસ્વામીરાસની જમાવટ એના કવિ આ ફાગુ કાવ્ય કરતાં સારી રીતે કરી શક્યા છે. રસ અને ભાવને અનુરૂપ વસ્તુ અને કાવ્યપ્રકારની પસંદગીનો વિવેક જૈનસૂરિઓએ જાળવ્યો ન હોવાથી એઓના ફગુકાવ્યોમાં મોટેભાગે આવું બનતું રહ્યું છે.

**બારમાસી**: મહાકાવ્યને બાદ કરતાં, 'બારમાસી' એ એક એવું કાવ્યસ્વરૂપ છે કે જેનાં મૂળ આપણને શિષ્ટ સંસ્કૃત કવિતામાં જોવા મળે છે. સંસ્કૃતમાં બારમાસીના મૂળિયા છેક 'ઋતુસંહાર' સુધી પહોંચે છે. ગુજરાતીમાં 18મી સદી સુધી 'બારમાસી'ઓ રચાઈ હતી. એમાં 12 મહિનાની ખૂબીઓ અને એની વિરહિણી પર થતી અસરનું વર્ણન જોવા મળે છે. આ વિરહ સામાન્યત: 'અધિકમાસ'માં મિલનમાં પલટે છે, અને સુખાંતમાં પરિણમે છે.

**નેમિનાથચતુષ્પદીકા:**

1244માં વિનયચંદ્રરચિત 'નેમિનાથચતુષ્પદીકા'એ સૌથી પ્રાચીન ઉપલબ્ધ 'બારમાસી' છે. નેમિનાથ એક પવિત્ર અને ઉમદા આત્મા હતો. એમનો વિવાહ દ્વારકાના ઉગ્રનાથની પુત્રી રાજુલ થવાનો હતો. જાનઆગમન સમયે નેમિનાથે અસંખ્ય પ્રાણીઓને વરંડામાં બાંધેલા જોયા. પૂછપરછ કરતાં જણાવાયું કે, લગ્ન ઉજવણીની વાનગીઓ રાંધવા માટે આ બધાં પ્રાણીઓની

કતલ થશે. નેમિનાથનું ઋજુ હૃદય દ્રવી ઉઠ્યું. એમણે કતલના કારણવશ એવા લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો અને જૈન ધર્મના પંથે પ્રયાણ કર્યું. આ તરફ, યુવાન રાજુલ તો નેમિનાથની રાહ જોઈને બેઠી હતી. રાજુલની આ પીડા એની સખીથી સહન નથી થતી. બન્ને સખીઓને સંવાદ ધ્યાનાકર્ષક છે. અંતે નેમિનાથ પધારે છે, વરરાજા તરીકે નહીં, પરંતુ જૈન સાધુ બનીને. રાજુલ પણ જૈન ધર્મના સુપંથે પ્રયાણ કરે છે.

**પ્રબંધ**: આ સાહિત્યસ્વરૂપ ગુજરાત અને માળવા સુધી જ સીમિત રહ્યું છે. સાહિત્યીક દૃષ્ટિએ 'પ્રબંધ' નો અર્થ 'રચના' થાય છે. આખ્યાનને મળતાં આવતા પ્રબંધમાં ઐતિહાસિક કે આત્મકથનાત્મક લંબાણભર્યું વર્ણન હોય છે. મોટા ભાગે 'પ્રબંધ' સ્વરૂપનો ઉપયોગ જૈન કર્તાઓએ કર્યો છે. 15મી સદી પહેલા રચાયેલ પ્રબંધોનું વસ્તુ ઐતિહાસિક જ હતું અને એનો ગદ્ય ભાગ સંસ્કૃતમાં અને પદ્ય ભાગ અપભ્રંશમં રહેતો. મેરુતુંગાચાર્યના 'પ્રબંધચિંતામણી' (ઈ.સ. 1305) અને રાજશેખરસૂરિના 'ચતુર્વિંશતીપ્રબંધ' (ઈ.સ. 1349), એના સુંદર ઉદાહરણો છે. 15મી સદી પછી પ્રબંધ અને રાસા એકબીજાનાં પર્યાય બની ગયાં.

**ત્રિભુવનદીપકપ્રબંધ**:

ઈ.સ. 1406 આસપાસ રચાયેલ 'ત્રિભુવનદીપકપ્રબંધ' એ જયશેખરસૂરિના સંસ્કૃત કાવ્યનો એમણે પોતે જ કરેલો અનુવાદ છે. જયશેખરસૂરિ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીના પ્રખર વિદ્વાન હતાં. આ કાવ્યનાં સંપાદક કેશવલાલ ધ્રુવના મતે, 'આ એક ગુર્જર કાવ્યથી જૈન કવિ પ્રથમ પંક્તિનો સાહિત્યકાર બને છે. કવિની પ્રતિભા વસ્તુની ગૂંથણીમાં, પાત્રની યોજનામાં અને રુપકની ખીલવણીમાં એકસરખી વિજયશાળી નીવડે છે. પ્રસ્તાવોનું વૈવિધ્ય અનેક રસની મિલાવટને પોષે છે અને કાર્યનો વેગ તથાં સંવિધાનનું ચાતુર્ય વાંચનારનું કૌતુક છેવટ સુધી ટકાવી રાખે છે...' સમગ્ર રીતે આ સમયગાળાના સાહિત્ય પર જૈન સાધુકવિઓનું પ્રભુત્વ રહ્યું, એમનું મુખ્ય લક્ષ્ય ધર્મભાવનાની સર્વોપરિતા દર્શાવવાનો હતો. પરંતુ, અસાઈત ઠાકુર, શ્રીધર વ્યાસ, ભીમ અને અબ્દુર રહેમાન જેવા નોંધપાત્ર કવિઓએ ધર્મ સિવાયના વિષયો પર રચનાઓ કરી હતી.

**નિષ્કર્ષ**:

આમ, 13,14 અને 15મી સદીના સાહિત્ય અંગે ગુજરાતનો ભંડાર અમૂલ્ય છે. આજ સાહિત્ય તે સમયની ભાષા, ખાસ કરીને ક્ષેત્રીય ભાષાઓના વિકાસ ઉપર સૌથી મહત્વની સામગ્રી પૂરી પાડે છે. આ સાહિત્યની સાચવણીનો શ્રેય જૈન ભંડારાઓને ફાળે જાય છે. ઈ.સ.. 1355માં તરુણપ્રભસૂરિજી એ લખેલી વાર્તાઓ –'પ્રતિક્રમણબાલવબોધ', ઉપરાંત, ઈ.સ. 1394માં કુલમદન ગણિએ રચેલ 'મુગ્ધાવબોધમૌક્તિક' એ ગદ્યરચનાનો અન્ય નોંધપાત્ર નમૂનો છે. એમાં સંસ્કૃત વ્યાકરણના નિયમો કર્તાએ સોદાહરણ આપ્યાં છે. એ સિવાય ઈ.સ. 1422માં માણિક્યસુંદરસૂરિએ રચેલ 'પૃથ્વીચંદ્રચરિત્ર' પણ નોંધપાત્ર છે. માણિક્યસુંદરસૂરિએ લયબદ્ધ શબ્દોનો સુંદર પ્રયોગ કર્યો છે: ' વન તે વન જે બહુ વૃક્ષવંત, મતિ તે જે દયાવંત, નદી તે જે નીરવંત, મેઘ તે જે સમયવંત, દેશ તે જે પ્રજાવંત, સ્ત્રી તે જે પુત્રવંત, હાટ તે જે વસ્તુવંત, ભાટ તે જે વચનવંત, ખાટ

તે જે ધરણિવંત, મઠ તે જે મુનિવંત, વચન તે જે સત્યવંત, વસ્ત્ર તે જે પખાલસાર, દ્રવ્ય તે જે ભોગસાર…'

પાદટીપ:

૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ મો. દ. દેસાઈ પ્રસ્તાવના – પૃ. ૭૩
૨. હરિષેણ કૃત કથાકોષ ઉપોદઘાત - પૃ.૮૬
૩. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૧ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ પૃ. ૩૫
૪. ગુજરાતી સાહિત્ય સ્વરૂપો – મંજુલાલ મજમુદાર પૃ. ૬૯
૫. સ્વાધ્યાય અને સંશોધન ડૉ. બળવંત જાની પૃ. ૪૩
૬. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ પૃ. ૧૨૧

**સંદર્ભગ્રંથ સૂચિ:**

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૧ (મધ્યકાળ) ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
૨. સ્વાધ્યાય અને સંશોધન - ડૉ. બળવંત જાની
૩. ભરતેશ્વર બાહુબલી રાસ - ડૉ. બળવંત જાની
૪. ગુજરાતી સાહિત્યકોષ ખંડ-૧ મધ્યકાળ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
૫. ગુજરાતી સાહિત્ય સ્વરૂપો – મંજુલાલ મજમુદાર
૬. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ મો. દ. દેસાઈ